# મોડાસા નગરપાલિકાનો પ્રિ-મોન્સુન પ્લાન પાણીમાં

## ૪ કલાકમાં ૬ ઈંચ વરસાદ ખાબક્યો : કોટીયાર્ડ, રામપાર્ક, ન્યુઆરાધના, વિદ્યાકુંજ, લઘુમતિ વિસ્તાર બેટમાં ફેરવાયા

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં



મંગળવારે રાત્રીના ૮ વાગ્યાથી વરસાદે તોફાની બેટીંગ કરતા મોડાસા શહેરના નીચાણવાળા વિસ્તાર અને અનેક સોસાયટીઓમાં પાણી ભરાતા ટાપુ જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. મોડાસા નગરપાલિકા તંત્રના પ્રી. મોન્સુન પ્લાનની જાણે હવા નીકળી ગઈ હતી. મોડાસા નગરપાલિકા તંત્રની પ્રી.મોન્સુન પ્લાનની કામગીરી ફક્ત કાગળ પર જ નિર્ભર હોવાની પોલ ખોલી દીધી હતી. નગરપાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર ઘટનાસ્થળે ધસી આવ્યા હતા પરંતુ લાચાર સ્થિતિમાં જોવા મળ્યા હતા. નગરજનોનો રોષ નિહાળી નગરપાલિકા વહીવટીતંત્ર હરકતમાં આવી ગયું હતું.

મોડાસા નગરપાલિકા દ્વારા કરવામાં આવેલા પ્રી.મોન્સુન પ્લાનીંગના દાવા રાબેતા મુજબ કાગળ પર રહ્યા હતા. મંગળવારે રાત્રીના વરસી રહેલા વરસાદ સાથે જ પાલિકાનો પ્રિ.મોન્સુન પ્લાન વરસાદી પાણીમાં તણાયો હોય એમ મોડાસા શહેરના અનેક વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાતા પાણીથી નગરજનોની હાલત કફોડી બની હતી. મંગળવારે રાત્રીના સમયે ૪ કલાકમાં ૬ ઈંચ જેટલો વરસાદ ખાબકતા મોડાસા નગરપાલિકાના પ્રિ. મોન્સુન પ્લાનની પોલ ખોલી નાખી હતી. મોડાસા નગરપાલિકામાં



કરોડો રૂપિયાની ગ્રાન્ટ આવવા છતાં નગરપાલિકાના સત્તાધીશો અને વહીવટીતંત્ર દ્વારા અણઘડ વહીવટ અને ભ્રષ્ટાચાર સિવાય કોઈ કામગીરી કરવામાં ન આવતા મોડાસા શહેરના હાલ બેહાલ થઈ ગયા હતા. દર વર્ષની જેમ ચાલુ શાલે પણ મોડાસા શહેરમાં વરસાદી પાણી ભરાઈ જવાની સમસ્યાનું નિવારણ માટે નગરપાલિકાતંત્ર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે વરસાદી પાણીના નિકાલ માટે ગટર નિર્માણ કરવા છતાં કોન્ટ્રાક્ટરો અને મળતીયાઓ દ્વારા ભારે ભ્રષ્ટાચાર આચરવામાં આવતા વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે તદન નિષ્ફળ ગઈ છે. નગરપાલિકાતંત્ર પ્રિ.મોન્સુન પ્લાનમાં ફક્ત ગટરોની સાફ સફાઈ કરતા શહેરની હાલત કફોડી બની ગઈ છે.

મોડાસા શહેરમાં મંગળવારે



રાત્રીના સમયે પડેલા સાંબેલાધાર વરસાદથી બસસ્ટેન્ડ પાછળના વિસ્તારની ન્યુ આરાધના, રામપાર્ક, રત્નમ, વિદ્યાકુંજ, કેદારનાથ સોસાયટી તેમજ બસસ્ટેન્ડ સામે આવેલી કોટીયાર્ક સોસાયટી અને કોલેજ રોડ પર આવેલી લઘુમતિ વિસ્તારની સોસાયટીઓમાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલના અભાવે રહેણાંક સોસાયટીઓના માર્ગો પર કેડ સમા પાણી ભરાયા હતા અને ઘરોમાં ઘુસી જતા રાત્રીના સમયે નગરજનોની હાલત કફોડી બની ગઈ હતી. નગરપાલિકાતંત્ર દ્વારા લાચારી દાખવતા નગરજનો દ્વારા આખી રાત ભયના ઓથાર નીચે વિતાવવી પડી હતી. વરસાદી પાણી ઘરમાં ઘુસી જતા રાચરરચીલુ તેમજ ફ્રીજ જેવા વીજઉપકરણો બગડી ગયા હતા તેમજ મુખ્ય માર્ગો પર રહેલા નાના-મોટા વાહનોની અંદર પાણી ઘુસી જતા પ્રજાજનોની હાલત કફોડી બની હતી.





## પાલનપુર માર્કેટયાર્ડમાં ભગવો લહેરાયો

પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણીમાં 'આપણી' પેનલે તમામ ૧૦ બેઠકો મેળવી ભવ્ય વિજય હાંસલ કર્યો છે. જ્યારે કોંગ્રેસ પ્રેરિત વર્તમાન ચેરમેન પેનલનો કરૂણ રકાસ થતા કોંગ્રેસની છાવણીમાં સોંપો પડી ગયો હતો. પાલનપુર માર્કેટયાર્ડની ચૂંટણીમાં ફતાભાઈ ધરિયાની 'આપણી પેનલ' અને કોંગ્રેસ અગ્રણી વીરજીભાઈ જુડાલની પેનલ વચ્ચે ચૂંટણી જંગ જામ્યો હતો. જેની મતગણતરી આજરોજ યોજાઈ હતી. જેમાં ભાજપ પ્રેરિત 'આપણી પેનલે' સપાટો બોલાવ્યો હતો. તમામ ૧૦ બેઠકો ભાજપ સમર્થિત પેનલે આંચકી લેતા ભાજપ છાવણી ગેલમાં આવી ગઈ હતી. જ્યોર કોંગ્રેસની છાવણીમાં કરારી હારને પગલે સોંપો પડી ગયો હતો.

## બનાસકાંઠાના બસીરભાઈની વફાદારી શાળામાં કપાત પગારે ફરજ બજાવે છે

પાલનપુર, તા. ૧૦

એક તરફ ૭માં પગાર પંચની કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જાહેરાત કરાઈ છે જેમાં પણ કેટલાક સરકારી કર્મચારીઓમાં હજુ અસંતોષ છે ત્યારે બનાસકાંઠાના વડગામ તાલુકામાં એક શિક્ષક છે જે વર્ષ દરમિયાન માત્ર ૧૧ માસનો પગાર લે છે તેમજ ૧ માસના કપાત પગારે આખો દિવસ સ્કૂલમાં હાજરી આપી પગાર વિના બાળકોને શિક્ષણના પાઠ ભણાવે



છે. જોઈએ વિશેષ અહેવાલ કેન્દ્ર સરકાર તેમજ ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ ૭માં પગાર પંચની જાહેરાત કરાઈ છે. જેમાં પણ કેટલાક સરકારી કર્મીઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના હરદેવાસણા ગામે મુખી બસીરભાઈ નામના શિક્ષક વર્ષ દરમિયાન માત્ર ૧૧ માસનો પગાર લે છે તેમજ ૧ માસ કપાત પગારે પુર્ણ સમય સ્કૂલમાં હાજરી આપે છે. તેમનું માનવું છે કે વર્ષ દરમિયાન કેટલો સમય મિત્રો સાથે કે સ્ટાફ સાથે વાતો કરવામાં પસાર થઈ જાય છે. સમય સર કોઈ દિવસ શાળામાં જતી વખતે કોઈ કારણોસર મોડું થઈ જતું હોય છે ત્યારે અલ્લાહના દરબારમાં ખોટા પૈસા ના લેવાય તે માટે છેલ્લા કેટલાય સમયથી એક માસ પગાર વિના બાળકોને ભણાવીને એક શિક્ષક તરીકે નૈતિકતાની ફરજ બજાવી રહ્યા છે. આજના જમાનામાં પગાર વિના કોઈ પણ માનવી કામ કરવા તૈયાર નથી તેવા સમયે શિક્ષક તરીકે ફરજ બજાવતા બસીરભાઈ આ વિસ્તારમાં એક ઈમાનદારીની નવી પહેલ કરી છે. આમ તો શિક્ષકો દ્વારા કામ ચોરી સહીતના અનેક કિસ્સા નિરંતર પ્રગટ થતા રહે છે. જેમાં બસીરભાઈનો કિસ્સો કંઈક અલગ છે જેની સુવાસ હાલમાં હરદેવાસના ગામ સહીત આસપાસના વિસ્તારમાં ફેલાઈ રહી છે. હરદેવાસણા ગામના સરપંચ આ અંગે જણાવે છે કે આવા શિક્ષકો બહુ ઓછા છે જે કરેલા કામના બદલામાં જ સરકારી પૈસાને હાથ લગાવે છે. ઉલ્લેખનીય છે કે બનાસકાંઠાના બસીરભાઈ મુખી ની જેમ બીજા શિક્ષકો પણ પોતાની ફરજ પ્રત્યે ઈમાનદારી દાખવે તો આજના સમાજ જીવનનું શિક્ષણ પ્રગતિના પંથ પર નવા આયામ સર કરે એમાં કોઈ શંકા નથી.

## આગીયા ગામની મહિલાએ ચાડાના ચાર વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામનો પરિવાર મંગળવારે ગઢડા શામળાજી મંદિરે દર્શન કરવા ગયેલ હતો. જે દર્શન કરી પરત ફરતા હતા ત્યારે ચાડા ખાતે જીતેન્દ્રભાઈ પુનાભાઈ પારઘીનું ટ્રેક્ટર રોડ વચ્ચે પડેલ હતું. જેથી લક્ષ્મણસિંહે ટ્રેકટરને બાજુમાં મુકવાનું કહેતા જીતેન્દ્રભાઈએ ગીતાબા લક્ષ્મણસિંહ તથા બીજા લોકોને મા-બેન સામી ગાળો બોલી અને છુટી ઈંટો મારી અને વિરાભાઈ કલ્યાણભાઈ રબારી, મનુભાઈ ખેમાભાઈ પારઘી, દેવાભાઈ માલાભાઈ રબારીએ તેમના હાથમાંની લાકડીઓ તથા પાઈપ વડે લક્ષ્મણસિંહ તથા સંજયસિંહને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

## ઈડર, પોશીના અને પ્રાંતિજમાં ૪ ઈંચ વરસાદ

સાબરકાંઠા જિલ્લામાં મંગળવારે રાત્રે પડેલા જોરદાર વરસાદને કારણે અનેક નદીઓમાં પુર આવ્યા છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં આવેલા તળાવો અને ચેકડેમો ભરાઈ ગયા છે. જિલ્લામાં મંગળવારે સવારથી બુધવારે સાંજ સુધીમાં ઈડર, પોશીના અને પ્રાંતિજમાં ૪ ઈંચ વરસાદ પડયો છે. જયારે હિંમતનગરમાં ૮૮, વડાલીમાં ૬૦ અને તલોદમાં ૯૧ મીમી વરસાદ પડયો હોવાનું ડીઝાસ્ટર વિભાગના સૂત્રોમાંથી જણાવાયુ છે. જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી ગોરંભાયેલા વાદળો અચાનક જ મંગળવારે રાત્રે વરસી જતા હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, વિજયનગર, ઈડર, વડાલી સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડયો હતો.

પોશીના તાલુકામાં એક જ રાતમાં ૪ ઈંચ વરસાદ પડતા દેલવાડા, આંજણી, મામાપીપલા સહિતના અન્ય સ્થળે આવેલા ચેકડેમો ભરાઈ જવા પામ્યા હતા. તેમજ એક દિવસ અગાઉ પનારી નદી સૂકી રહી હતી તેમાં મંગળવારે પણ પાણી વહેવા માંડયુ હતું તથા સેઈ અને સાબરમતી નદીમાં ઘોડાપુર આવ્યુ હતું. જયારે પોશીનાથી દેલવાડા જતા માર્ગ પર આવેલ લાખીયા ઘાંટીમાં રાત્રે અચાનક વરસાદને કારણે ભેખડ ધસી પડતા રસ્તો બંધ થઈ ગયો હતો. જોકે બુધવારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તો ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરાઈ હતી.

લાંબડીયા અને આસપાસના વિસ્તારોમાં પણ મંગળવારે રાત્રે પડેલા વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જતા ઝૂંપડાવાસીઓને મુશ્કેલી વેઠવી પડી હતી. વરસાદને કારણે લાંબડીયા તેમજ કોટડા ગામમાં રસ્તા ધોવાઈ ગયા હતા. જેના કારણે વાહન વ્યવહારને પણ અસર થઈ હતી. પ્રાંતિજ તાલુકામાં પડેલા વરસાદને કારણે તળાવો તથા પ્રાંતિજના ભાંખરીયા તળાવમાં પાણી ભરાયુ હતું.

## હિંમતનગર પોસ્ટ ઓફીસમાંથી શખ્સ ૫૦ હજાર થેલીમાંથી સેરવી ગયો

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરની મુખ્ય પોસ્ટ ઓફીસમાં મંગળવારે આકોદરા ગામના ડાહ્યાભાઈ રાયચંદભાઈ પટેલ પોતાની થેલીમાં અંદાજે રૂા.૨.૫૫ લાખથી વધુની રોકડ લઈને આવ્યા હતા ત્યારે બે અજાણી સ્ત્રીઓએ તેમની નજર ચૂકવી કપડાની થેલીને ધારદાર વસ્તુથી નીચેના ભાગે કાપી નાખી રૂા.૫૦ હજારનું બંડલ સેરવીને લઈ ગઈ હતી. જે અંગે ડાહ્યાભાઈ પટેલે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ડીસા માર્કેટયાર્ડના મુખ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ

### વેપારી એસોસીએશન દ્વારા ચેરમેન-ડીરેક્ટરોનું સન્માન કરાયું

ડીસા,તા. ૧૦

ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતાં ડીસા માર્કેટયાર્ડના મુખ્ય પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન બનાસડેરીના વાઈસ ચેરમેન અને ડીસા એપીએમસીના ચેરમેન



માવજીભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. ડીસા માર્કેટયાર્ડ વેપારી એસોસીએશન દ્વારા નવ નિયુક્ત ચેરમેન તેમજ ડીરેક્ટરોનું સન્માન કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લાની અગ્રણી સહકારી સંસ્થા શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા ખેડૂતો, વેપારીઓની સાથે-સાથે આમ નગરીકોની પણ ચિંતા કરી રહી છે. ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ તેમજ સંચાલક મંડળ દ્વારા અકસ્માત વિમા યોજના રાહત દરે મેડીકલ સેવા, દવાખાનુ, સીટી બસ સેવા જેવી અનેક સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. ત્યારે ચેરમેન માવજીભાઈ દેસાઈએ ડીસા-પાલનપુર હાઈવે પર અને ડીસા-પાટણ હાઈવે પર બે અદ્યતન સુવિધા સભર પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યા છે. જો કે બુધવારે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ તમજ સંચાલક મંડળના સભ્યોની ઉપસ્થિતમાં ડીસા-પાટણ હાઈવે પરના મુખ્ય પ્રવેશદ્વારને રીબીન કાપી ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ત્યારબાદ ડીસા માર્કેટયાર્ડમાં રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલ સંચાલક મંડળના સભ્યોનો સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં ડીસા માર્કેટયાર્ડ, વેપારી એસોસીએશનના પ્રમુખ તેમજ સભ્યોએ ચેરમેન માવજીભાઈ દેસાઈ સહિત ડીરેક્ટરોનુંશાલ તેમજ પુષ્પમાળા પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી, જિલ્લા ભાજપ મહામંત્રી અમરતલાલ દવે, જિલ્લા ભાજપ ઉપ પ્રમુખ મગનલાલ માળી, ડીસા એપીએમસીના વા. ચેરમેન કરશનભાઈ કણબી, ડીસા તાલુકા સંઘના ચેરમેન દશરથભાઈ દેસાઈ, ડીસા માર્કેટયાર્ડના એસોસીએશનના પ્રમુખ અરજણભાઈ પટેલ, મંત્રી રમેશભાઈ માળી, સહિત ડીરેક્ટરો, વેપારીઓ તેમજ ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.





## હડાદ ગામે આદિવાસી સમાજની રેલી યોજાઈ

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૯ ઓગષ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે જાહેર કરાયો છે. જેના ઉપલક્ષમાં આજે અંબાજી નજીક આવેલા હડાદ ગામે આદિવાસી સમાજની એક વિશાળ રેલી નિકાળવામાં આવી હતી. જેનું આયોજન એકલવ્ય આદિવાસી સંગઠન અને આદિવાસી સર્વાંગી વિકાસ દ્વારા કરાયું હતું. આ રેલી ભારે સૂત્રોચ્ચાર સાથે હડાદના બજારોમાં ફરી હતી. અંતે સભામાં ફેરવાઈ હતી. જ્યાં બીરસામુંડાની તસવીર આગળ પુષ્પ અર્પણ કરાયા હતા. તેમજ આ પ્રસંગે આદિવાસીના ઉથ્થાન માટે પડતી તકલીફો, રૂંધાતા વિકાસ બાબતે વિસ્તૃતપણે ચર્ચાઓ કરવામાં આવી હતી. જ્યારે ખાસ કરીને આદિવાસી લોકોને હિન્દુ સમજવા કે અન્ય કોઈ જ્ઞાતિમાં સમજવા બાબતે સરકાર સ્પષ્ટતા કરે તેવી માંગ પણ કરાઈ હતી. જ્યારે આદિવાસી વિસ્તારોમાં સરકારી નોકરીઓ માટે ધોરણ ૧૨ના બદલે ૧૦ સુધીનું રાખવા પણ માંગ આ પ્રસંગે કરાઈ હતી.